ફોન નં.(૦૨૭૮)૨૫૨૧૭૬૦,૨૫૨૧૭૬૧, ૨૫૨૧૭૬૨ ફેક્સ નં. (૦૨૭૮) ૨૫૨૧૭૬૩

# પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ
## ગ્રાહક તકરાર નિવારણ ફોરમ

ઝોનલ કચેરી, "વીજ સેવા સદન", ચાવડી ગેટ,ભાવનગર.
CIN : U40102GJ2003SGC042908
e-mail: forumbhavnagar.pgvcl@gebmail.com

ક્રમાંક: બીઝેડ/ફોરમ/૧૩૪/૧૮–૧૯/ ૪૫૪ તારીખ : 5 MAR 2019

**આર.પી.એ.ડી.**

પ્રતિ,
શ્રી વલ્લભભાઈ મોહનભાઈ ખુંટ,
રામજી મંદિરની બાજુમાં,
ચોરા પાસે, નવી હળીયાદ,
તા.બગસરા, જી.અમરેલી.
**મો.નં. ૭૯૮૪૮ ૬૭૯૫૬.**

કેસ નં.૧૩૪/૧૮–૧૯

**વિષય : ખેતીવાડી વીજ કનેકશનના ફોલ્ટ કરી આપવા બાબત.**

સંદર્ભ : (૧) આપનો પત્ર તા.૦૧/૧૧/૧૮.
(૨) અત્રેની કચેરીનો પત્ર નં. બીઝેડ/ફોરમ/૧૩૪/૧૮–૧૯/૫૧૪૩ તા.૧૩/૧૧/૧૮.
(૩) અત્રેની કચેરીનો પત્ર નં. બીઝેડ/ફોરમ/૧૩૪/૧૮–૧૯/૫૨૯૨ તા.૨૨/૧૧/૧૮.
(૪) અત્રેની કચેરીનો પત્ર નં. બીઝેડ/ફોરમ/૧૩૪/૧૮–૧૯/૪૨ તા.૦૨/૦૧/૧૯.
(૫) અત્રેની કચેરીનો પત્ર નં. બીઝેડ/ફોરમ/૧૩૪/૧૮–૧૯/૫૦૦ તા.૦૨/૦૨/૧૯.

શ્રીમાન,

આપશ્રીની, ઉપરોકત વિષયના સંદર્ભમાં આપના દવારા ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ, ભાવનગર સમક્ષ કરેલ રજુઆતના સંદર્ભમાં આપશ્રીને ફોરમ સમક્ષ તા.૧૮/૦૨/૨૦૧૯ નાં રોજ સાંભળવામાં આવેલ. જેના સંદર્ભમાં ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ દવારા આપવામાં આવેલ ચુકાદો આ સાથે સામેલ છે.

આપશ્રીની જાણ સારૂ.

**(એમ. પી. સોલંકી)**
**કન્વીનર,**
**ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ**
**પીજીવીસીએલ., ઝોનલ કચેરી ભાવનગર.**

**બિડાણ:– ઉપર મુજબ.**

પ્રતિ: કાર્યપાલક ઇજનેરશ્રી,
પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ
વિભાગીય કચેરી, **અમરેલી–૨.**

*........ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગના જાહેરનામા નં. ૨/૨૦૧૧ની કલમ નં. ૨.૫૨ મુજબ સદર હુકમનાં પાલન અંગે થયેલ કાર્યવાહીનો જરૂરી અહેવાલ અત્રેની ફોરમ કચેરીને ફરજીયાત પાઠવવાનો રહેશે.*

**નકલ રવાના:–**
૧) શ્રી અધિક્ષક ઈજનેર,પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ, વર્તુળ કચેરી, **અમરેલી.**
૨) શ્રી નાયબ ઈજનેર,પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ, પેટા વિભાગીય કચેરી, **બગસરા.**
...આપની જાણ તથા જરૂરી કાર્યવાહી અર્થે.

P.G.V.C.L. Bhavnagar

(ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ,પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ,ભાવનગર સમક્ષ)

ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ,
પ.ગુ.વી.કં.લિમીટેડ, ઝોનલ ઓફિસ,
"વીજ સેવા સદન", ચાવડી ગેટ,
ભાવનગર.

**<u>કેઈસ નંબર - ૧૩૪/૧૮-૧૯</u>**

વાદી :- શ્રી વલ્લભભાઈ મોહનભાઈ ખુંટ

**◈ વિરૂધ્ધ ◈**

પ્રતિવાદી :- પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ

**◈ <u>રજુઆતની તારીખ</u>:- ૦૩.૧૨.૧૮, તા.૧૫.૦૧.૧૯ અને ૧૮.૦૨.૧૯ ◈**

હાજર રહયા :- શ્રી વલ્લભભાઈ મોહનભાઈ ખુંટ – (વાદી પોતે)

પ્રતિવાદી :- (૧) શ્રી એચ. જી. નાગર, નાયબ ઈજનેર, વિભાગીય કચેરી-૨, અમરેલી.(તા.૦૩.૧૨.૧૮)
(૨) શ્રી જે. એન. ચૌધરી, નાયબ ઈજનેર, વિભાગીય કચેરી-૨, અમરેલી.(તા.૧૫.૦૧.૧૯)
(૩) શ્રી એન. આઈ. ઉપાધ્યાય, કાર્યપાલક ઈજનેર, વિભાગીય કચેરી-૨, અમરેલી.(તા.૧૮.૦૨.૧૯ )
(પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ વતી)

શ્રી વલ્લભભાઈ મોહનભાઈ ખુંટ, મુ.નવી હળીયાદ, તા.બગસરા, જી.અમરેલી ની ખેતીવાડી વીજ કનેકશનના ફોલ્ટ કરી આપવા બાબત બાબતની રજુઆત કન્વીનરશ્રી, ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ, ભાવનગરને મળતાં, ફોરમે તેનાં ફરિયાદ રજીસ્ટરમાં ક્રમાંક : ૧૩૪/૧૮-૧૯ થી નોંધી તેનાં યોગ્ય નિરાકરણ માટે અધિક્ષક ઈજનેરશ્રી, વર્તુળ કચેરી, અમરેલીને પત્ર નં.બીઝેડ/ફોરમ/૧૩૪/૧૮-૧૯/૫૧૪૩ તા.૧૩.૧૧.૧૮ થી વાદીશ્રીની જાણ હેઠળ મોકલી આપેલ.

આમ છતાં, ફોરમે વાદીશ્રીને તેમની ફરિયાદ બારામાં લેખીત / મૌખીક રજુઆત કરવા તા.૦૩.૧૨.૧૮, તા.૧૫.૦૧.૧૯ અને તા.૧૮.૦૨.૧૯ નાં રોજ ઉપસ્થિત રહેવા જણાવેલ. જેમાં વાદી પોતે હાજર રહેલ તથા તા.૦૩.૧૨.૧૮ ના રોજ પ્રતિવાદી તરફે શ્રી એચ.જી.નાગર, નાયબ ઈજનેર, વિભાગીય કચેરી-૨, અમરેલી, તા. તા.૧૫.૦૧.૧૯ ના રોજ પ્રતિવાદી તરફે શ્રી જે. એન. ચૌધરી, નાયબ ઈજનેર, વિભાગીય કચેરી-૨, અમરેલી તથા તા.૧૮.૦૨.૧૯ ના રોજ પ્રતિવાદી તરફે શ્રી એન. આઈ. ઉપાધ્યાય, કાર્યપાલક ઈજનેર, વિભાગીય કચેરી-૨, અમરેલી ઉપસ્થિત રહેલ.

**☞ <u>વાદીશ્રીની રજુઆત</u>:- ફોરમને કરેલ લેખિત અરજી મુજબ રજુઆત છે કે...**

૧.૧ અમારૂ કનેકશન ગ્રાહક નં.૮૩૫૬૪/૦૦૮૪૯/૭, નામ ...ભાઈ મોહનભાઈ ખુંટના નામનું ધરાવીએ છીએ અને આ કનેકશન ૨૦ હો.પા.નું છે.

P.G.V.C.L. Bhavnagar

૧.૨ આ કનેકશન અમારી બન્ને ભાઈની મોટર ચાલુ હોય છે જે મારી સાથે કોઈ જાતનો બનાવ બનેલ ના હોવા છતાં મારી વાડીમો મારી મોટર મા ફોલ્ટ હોવા છતાં મારી વાડી ફોલ્ટ સારો કરવા આવતા નથી, તો મારી વાડીમાં મોલ ૧ મહીનો બળી ગયો તો મારે ત્યારે નુકશાન ગયેલ છે. ફોલ્ટ અરજી કર્યા તા.૧૯.૦૯.૧૮. ચાલુ કર્યા તા.૧૯.૧૦.૧૮

☞ **<u>પ્રતિવાદીશ્રીની રજુઆતઃ– તેમની રજુઆત છે કે,</u>**

૨.૧ અરજદાર શ્રી વલ્લભભાઈ મોહનભાઈ ખુંટ, મુ.નવી હળીયાદ પોતે કોઈપણ પ્રકારનું ખેતીવાડી વીજજોડાણ ધરાવતા નથી તેમજ તેઓએ કરેલ રજુઆતમાં જણાવેલ ગ્રાહક નંબરવાળું વીજજોડાણ તેઓના નામે નથી પરંતુ શ્રી ફુલાભાઈ મોહનભાઈ ખુંટના નામે ધરાવે છે.

૨.૨ આમ છતાં તેઓની રજુઆતના અનુસંધાને નાયબ ઈજનેર બગસરા પેટા વિભાગીય કચેરી દવારા તા.૧૯.૧૦.૧૮ ના રોજ સદર વીજજોડાણ ચેક કરાવતાં સદર વીજજોડાણમાં લાગેલ બન્ને મોટરો ચાલુ હાલતમાં હતી તેમજ મીટર ડીસ્પ્લે પર દરેક ફેઝના વોલ્ટેજ અનુક્રમે ૨૭૨.૮૮, ૨૭૦.૬૩ અને ૨૭૦.૧૩ જાણવા મળેલ છે, જે મુજબ ત્રણેય ફેઝમાં બરાબર વોલ્ટેજ મળે છે.

૨.૩ સદર વીજજોડાણો કરારીત વીજભાર ૨૦ હો.પા. છે. સ્થળ પર વધુ તપાસ કરતાં સદર વીજજોડાણમાં અરજદારની ચાલતી બીજી મોટર સ્ટાર્ટર થી ચાલુ કરતાં મીટરના ડીસ્પ્લે પર ત્રણેય ફેઝમાં ૮૦ એમ્પી. જેટલો લોડ રહે છે તેમજ આર.એમ.ડી. ૪૦.૭૦ કી.વો. જણાયેલ. જે દર્શાવે છે કે મીટરની લોડસાઈડમાં કે મોટરમાં ફોલ્ટ હોઈ શકે છે જે અંગેની જાણ સ્થળ ઉપર હાજર પ્રતિનીધીને જણાવેલ.

૨.૪ આમ, અરજદાર પોતે કંપનીના ગ્રાહક ન હોવા છતાં તેઓની રજુઆત મુજબ બગસરા પેટા વિભાગીય કચેરી દવારા તેઓના ફોલ્ટનું નિવારણ સમયસર કરી આપેલ છે.

☞ <u>ફોરમનું તારણ</u> :– વાદી અને પ્રતિવાદીની રજુઆત ઉપરથી નીચે મુજબ તારણ નીકળે છે.

૩.૧ વાદી વલ્લભભાઈ મોહનભાઈ ખુંટની ફોરમને રજુઆત છે કે તેમની વાડીમાં ફોલ્ટ થવા છતાં પ્રતિવાદી પાવર ચાલુ કરી આપતા નથી, જેને લીધે વાદીના પાકને નુકશાન થાય છે.

૩.૨ વાદી પોતે ખેતીવાડીનું વીજજોડાણ ધરાવતા નથી તેઓ પ્રતિવાદીના વીજગ્રાહક નથી પરંતુ વાદી તેમના ભાઈ ફુલાભાઈ મોહનભાઈ ખુંટના ખેતીવાડી વીજજોડાણ ગ્રાહક નં.૮૩૫૬૪/૦૦૮૪૯/૭ માંથી ૨૦૦ મીટર કેબલ નાખી, તેના બોર ઉપર વીજજોડાણ વાપરે છે.

૩.૩ પ્રતિવાદીએ તા.૧૭.૦૧.૧૯ ના રોજ સ્થળ પર મુલાકાત લઈ, ફુલાભાઈ મોહનભાઈ ખુંટના ખેતીવાડી વીજજોડાણનાં મીટર પર વોલ્ટેજ એમ્પીયર તથા મેકસીમમ ડીમાન્ડ માપી નોંધણી કરી, સ્થળ પર રોજકામ કરેલ જે મુજબ વોલ્ટેજ, એમ્પીયર અને બીજા પેરામીટર્સ યોગ્ય જણાયેલા અને ફુલાભાઈ મોહનભાઈનું ખેતીવાડી વીજજોડાણ ચાલુ હતું.

Consumer Grievance Redressal Forum P.G.V.C.L. Bhavnagar.

૩.૪ આજરોજ વાદી અરજદાર વલ્લભભાઈ મોહનભાઈ ખુંટની ફોરમને જણાવ્યા મુજબ તેમનો પાવર ચાલુ છે પરંતુ તેમના ભાઈ ફુલાભાઈ કયારે કેબલ કાપી નાખે તેની દહેશત વ્યકત કરેલ છે.

૩.૫ ઉપરની બાબતો પરથી સ્પષ્ટ જણાય છે કે વાદી અરજદાર પોતે વીજગ્રાહક નથી તેમજ તેમના ભાઈના વીજજોડાણ માંથી કેબલ લંબાવી મોટરને જોડી વીજ પુરવઠો વાપરે છે તેમજ બન્ને ભાઈ વચ્ચે આંતરીક અને વ્યકિતગત તકરાર હોઈ તેવુ જણાય છે.

૩.૬ જી.ઈ.આર.સી.ના નોટીફીકેશન નં ૨/૨૦૧૧ મુજબ ૧.૫ (ગ) માં દર્શાવેલ ફરિયાદીની વ્યાખ્યા આ મુજબ છે " ફરિયાદી" એટલે (ક) પરવાનેદાર સામે ફરિયાદ હોય અને સીધે સીધી કે તેમના પ્રતિનિધિઓ દ્વારા ફરિયાદ દાખલ કરાવે તેના તેમના કાયદેસરના વારસો કે ઉતરાધીકારીઓ સહીત કોઈ ગ્રાહક કે ગ્રાહકો અથવા (ખ) તે સમયે અમલમાં હોય તે કાયદા અન્વયે નોંધાયેલ અને ગ્રાહકોના વિશાલ હિતમાં ફરિયાદ કરી હોય, તેવા કોઇપણ સ્વેછીક ગ્રાહક એસોસિએશનનો અથવા (ગ) કોઈપણ ગ્રાહક(કો) /સ્વેછીક ગ્રાહક એસોસિએશન(નો) કે જ્યાં પરવાનેદાર આવા ગ્રાહકો(કો) /એસોસિએશન(નો) ની ફરિયાદ નોંધે નહિ કે નોંધવામાં નિષ્ફળ જાય, અથવા (ઘ) જેમનું વીજળી જોડાણ કાપી નાખ્યું હોય તેવી કોઈ વ્યક્તિ અથવા (ચ) વીજળી પુરવઠા માટે નવા જોડાણના અરજદાર હાલની રજૂઆત અન્વયે રજુ કરેલ વિગતોએ અરજદાર ઉપર્યુક્ત ફરિયાદીની વ્યાખ્યામાં સમાવિષ્ઠ થતા નથી.

આમ ઉપરોકત વ્યાખ્યા મુજબ વાદી અરજદાર વીજગ્રાહકની વ્યાખ્યામાં આવતા ન હોઈ, ફરીયાદીની વ્યાખ્યામાં આવતા ન હોઈ, ફરીયાદ કરવા હકકદાર રહેતો નથી આથી વાદીની અરજી રદ કરવામાં આવે છે.

## –:: હુકમ ::–

- **વાદીની રજુઆત, પ્રતિવાદીની રજુઆત તેમજ ફોરમ સમક્ષ રજુ થયેલ દસ્તાવેજી પુરાવા અને ઉપરના તારણો પરથી તારણ નં."૩.૬ મુજબ હુકમ કરવામાં આવે છે."**

- સદર હુકમ સામે વાદીશ્રીને વાંધો કે તકરાર હોય તો આ હુકમ મળ્યે દિવસ–૩૦ માં વિદ્યુત લોકપાલશ્રીની કચેરી, બ્લોક નં.૩, પોલીટેકનીક કંમ્પાઉન્ડ, આંબાવાડી, અમદાવાદ સમક્ષ અપીલ કરી શકે છે.

ગેરહાજર

| | | |
|---|---|---|
| (બી. જે. દવે) | (પી. એચ. માવાણી) | (એમ. આર.વજરીયા) |
| સ્વતંત્ર સભ્યશ્રી | ટેકનીકલ સભ્યશ્રી | અધ્યક્ષશ્રી, ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ પ.ગુ.વિ.કું.લી.:ભાવનગર. |

તારીખ :–૧૮.૦૨.૨૦૧૯

Grievance Redressal Forum P.G.V.C.L. Bhavnagar.